


(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર સહિત તાલુકામાં ગ્રાહક સુરક્ષા સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં હિંમતનગરની પરખ સંસ્થા દ્વારા સંચાલિત પરખ ગ્રાહક સુરક્ષા મંડળના નેજા હેઠળ ૨૧ ડિસેમ્બર ૨૦૧૨ થી ૨૭ ડીસેમ્બર ૨૦૧૨ દરમિયાન હિંમતનગર તાલુકાના જુદા જુદા ગામો જેવા કે જાંબુડી, નવા, રંગપુર, મુનપુર, વક્તાપુર અને શહેરમાં મહેતાપુરા અને મોતીપુરા ખાતે ગ્રાહકોમાં જાગૃતિ આવે તે હેતુથી શિબિર, ગ્રામસભા, પ્રદર્શન અને સેમીનાર યોજાયા હતા. જાંબુડી ગામે યોજેયલ શિબિરમાં પરખ સંસ્થાના પ્રમુખ સુરેશભાઈ પટેલે ગ્રાહકોના અધિકારો વિષે વિસ્તૃત જાણકારી આપી હતી.

# ખેડબ્રહ્મા નગરપાલિકા વિસ્તારના શૌચાલયો ગંદકીથી ખદબદતા લોકોમાં રોષ : સફાઈ કરવા માંગ

ખેડબ્રહ્મા, તા. ૨૮

ખેડબ્રહ્મા પાલિકા વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી શૌચાલયોની નિયમિત સાફ સફાઈ થતી ન હોવાથી આજુબાજુના દુકાનદારો અને હોસ્પિટલ તથા કોર્ટ જેવી ઈમારતમાં આવન જાવન કરતા મુલાકાતીઓ ભારે પરેશાન થઈ રહ્યા છે અને સત્વરે નગરપાલિકા તંત્ર આ મામલે ગંભીરતા દાખવી સાફ સફાઈ હાથ ધરે તેવી માંગણી લોકો અને વેપારીઓ કરી રહ્યા છે.

ખેડબ્રહ્મા પાલિકા વિસ્તારમાં શૌચાલયોની નિયમિત સફાઈ થતી ન હોવાની બુમ ઉઠવા પામી છે. ખેડબ્રહ્મા કોર્ટ વિસ્તારમાં સિવિલ હોસ્પિટલના કોટ પાસે આવેલા શૌચાલયનો લોકો મોટી સંખ્યામાં ઉપયોગ કરે છે. આ શૌચાલય સિવિલ કોર્ટમાં આવતા મુલાકાતીઓ-સિવિલ હોસ્પિટલમાં આવતા લોકો-આજુબાજુના દુકાનદારો તથા સિવીલ રોડના વેપારીઓ સહિત લોકો માટે મોટી સગવડ છે. આ શૌચાલયનો ખાર કુવો છેલ્લા કેટલાય સમયથી તૂટી ગયો છે જેથી શૌચાલયની ગંદકી રોડ ઉપર આવી જાય છે. શૌચાલયની નિયમિત સફાઈ થતી ન હોવાથી ગંદકી થી લોકો તથા દુકાનદારો પરેશાન છે. આ શૌચાલયની મરામત માટે પાલિકામાં વારંવાર રજુઆતો કરવામાં આવી છે. પાલિકા દ્વારા પે એન્ડ યુઝ શૌચાલય બનાવવાના જવાબ વેપારીઓને મળેલા છે પણ તેનું કોઈ ઠેકાણું નથી. આ શૌચાલયની ગંદકીથી વેપારીઓને નાક દબાવી દુકાનમાં બેસવું પડે છે. આ ગંદકીથી રોગચાળો ફેલાય તે પહેલાં પાલિકા દ્વારા શૌચાલયની મરામત કરવામાં આવે તેવી આજુબાજુના વેપારીઓ સહિત લોકોની માંગણી છે.



(તસવીર : રમેશ વૈષ્ણવ)

## પાલનપુરની શ્રમિક પરિવારની યુવતીને લગ્નની લાલચ આપી શોષણ કરતો આરોપી ઝડપાયો

પાલનપુર, તા. ૨૮

આજકાલ પ્રેમનો રસ પીવા યુવાનીયાઓ ખૂબ જ આતુર હોય છે. ઘડી બે ઘડીનાં પ્રેમ પછી સીધા જ લગ્નની લાચ અને ત્યારબાદ



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

શારીરિક શોષણનો સીલસીલો શરૂ થઇ જાય છે અને બાદમાં બેમાંથી એક પાત્ર જુદો રસ્તો પકડે છે ત્યારે પોલીસ ફરિયાદ સુધી મામલો પહોંચે છે તે પ્રકારનો એક બનાવ પાલનપુર શહેર પોલીસ મથકે લગભગ અઢી વર્ષ અગાઉ બળાત્કારના ગુનાની ફરિયાદ નોંધાઈ હતી જે કેસનો આરોપી ગત રોજ શહેર પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો.

આ બનાવ અંગે શહેર પોલીસ સૂત્રોમાંથી જાણવા મળતી વિગતોનુસાર પાલનપુર હાઈવે પર આવેલ બાલાજી બંગ્લોઝ નજીક આવેલ છાપરામાં રહેતી શ્રમિક પરિવાર રામાજી ઠાકોરની ૧૯ વર્ષીય પુત્રીને ત્યાં નજીકમાં જ રહેતો કમલેશ જેણાજી ચાવડા કે જે જોધપુર મોટર ગેરેજ નજીક રહે છે. તે અઢી વર્ષ અગાઉ લગ્નની લાલચ આપી ભગાડી ગયેલ. જુદા જુદા સ્થળે ફરી મરજી વિરુદ્ધ બળાત્કાર ગુજારી નાસતો ફરતો હતો તે અંગે યુવતીના પિતાએ જે તે સમયે પોલીસ ફરિયાદ નોંધાયેલ તેનો કેસ તપાસ દરમિયાન ઘણાં સમયથી નાસતો ફરતો આરોપી કમલેશ ચાવડા પોલીસના હાથે ઝડપાઈ જતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## માલપુરના મંગલપુરા પાટીયા પાસે ટ્રક અને બાઈક વચ્ચે અકસ્માત એકનું મોત

હિંમતનગર, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાના માલપુર તાલુકાના મંગલપુર ગામના પાટીયા પાસે આજે મોટર સાઈકલ અને ટ્રક વચ્ચે ગંભીર અકસ્માત સર્જાતા સારવાર દરમ્યાન મોટર સાઈકલ ચાલકનું કરૂણ મોત નિપજ્યું હતું. જે બાબતે માલપુર પોલીસે ગુનો નોંધી તપાસનો દોર આરંભ્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ માલપુર તાલુકાના મંગલપુર પાટિયા પાસેથી ગતરોજ લુણાવાડા તરફથી આવતી ટ્રક પૂરઝડપે ગફલતભરી રીતે હંકારીને આગળ જતા બૂલેટને પાછળના ભાગે ટક્કર મારી હતી. અકસ્માતમાં મોટર સાઈકલ ચાલક પુષ્પતસિંહ કરણસિંહ રાઠોડ (રહે. મંગલપુર, તા. માલપુર)ને ઈજા પહોંચતા મોડાસા તેમજ વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મોત નિપજ્યું હતું. સુરેન્દ્રસિંહ રાઠોડની ફરિયાદના આધારે માલપુર પોલીસે ગુનો નોંધી ફરાર ટ્રક ડ્રાઈવરને પકડવા ચક્રો ગતિમાન કર્યાં છે.



(તસવીર : રમેશ વૈષ્ણવ)

ખેડબ્રહ્મા ખાતે ચાલતી શ્રીમદ્ ભાગવત દશાવતાર જ્ઞાનયજ્ઞ પારાયણમાં શ્રી રામ લગ્નોત્સવનો પ્રસંગ ઉજવવામાં આવ્યો હતો. જેમાં શ્રી રામ તરીકે ડૉ. યશેશ પટેલ અને સીતા તરીકે તેમના ધર્મ પત્નીએ લાભ લીધો હતો. આ પ્રસંગને નિહાળવા સમગ્ર તાલુકામાંથી મોટી સંખ્યામાં ધર્મપ્રેમી જનતા ઉમટી પડી હતી.

## મહેસાણા પાસે લક્ઝરી બસે રીક્ષાને ટક્કર મારતાં એક યુવાનનું મોત

ઊંઝા, તા. ૨૮

મહેસાણા નજીક ફોર લેન હાઈવે પર સોનેરીપુરાના પાટિયા આગળ સવારના સમયે લક્ઝરી બસે ઓટો રીક્ષાને ટક્કર મારતાં રીક્ષામાં બેઠેલ એક યુવાન વ્યક્તિનું કરૂણ મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય બે યુવાનોને ઈજાઓ થઈ હતી.

મહેસાણા ખાતે રામોસણા વિસ્તારમાં રહેતા વિસતકુમાર જીવણજી ઠાકોર મિત્ર સાથે પોતાના બનેવીની ઓટો રીક્ષામાં સિધ્ધપુર તાલુકાના મેલોજ ગામે લગ્ન પ્રસંગમાં ગયા હતા જ્યાંથી ત્રણેય જણ સવારના સમયે રીક્ષામાં મહેસાણા આવી રહ્યા હતા ત્યારે માર્ગમાં મહેસાણા નજીકના સોનેરીપુરાના પાટિયા આગળ એક લક્ઝરી બસે જોરદાર ટક્કર મારતાં રીક્ષા પલટી ખાઈ ગઈ હતી અને અંદર ચાલક સહિત ત્રણેય વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્તોને તુરત સારવાર માટે મહેસાણા હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં સારવાર મળે તે પૂર્વે કીર્તિજી ઠાકોર નામના યુવાનનું કરૂણ મોત નિપજ્યું હતું. મૃતક યુવાન માતા-પિતાનો એકમાત્ર દીકરો હોઈ પરિવારજનોમાં ઘેરા શોકની લાગણી છવાઈ ગઈ હતી.

# દલપુર ગામે ખેતરમાં પાળા બાંધવા બાબતે મારામારી

હિંમતનગર, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના દલપુર ગામની સીમમાં આવેલ ખેતરના શેઢા ઉપર પાળા બાંધવા જેવી નજીવી બાબતે ગામના જ એક ઇસમે અન્ય ઇસમને ગડદાપાટુનો માર મારી અને જાતિ અપમાનિત શબ્દો બોલ્યા હોવાની ફરિયાદ ગાંભોઈ પોલીસ સ્ટેશને નોંધાઈ છે. જે અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

દલપુર ગામના મણીભાઈ વેણાભાઈ વણકર પોતાના ખેતરના શેઢા ઉપર ગતરોજ સાંજના સુમારે પાળા બાંધવાનું કામ કરી રહ્યા હતા તે દરમ્યાન ચંદુ ભવાનજી ઠાકોર ત્યાં આવી ચડ્યા હતા. 'તું અમારી હદમાં પાળા કેમ બાંધે છે' કહી બોલાચાલી કરી હતી. બાદમાં બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થતાં ચંદુ ઠાકોરે ઉશ્કેરાઈને મણીભાઈના હાથે બચકું ભર્યું હતું તેમજ ગડદાપાટુનો માર મારી જાતિ પ્રત્યે અપમાનિત શબ્દો કહ્યા હતા. ચંદુ ઠાકોરની પત્ની કાન્તાબેને પણ ત્યાં આવીને મણિભાઈને બિભત્સ ગાળો ભાંડી હતી. આ બનાવની ફરિયાદ મણીભાઈ વણકરે ગાંભોઈ પોલીસ સ્ટેશને નોંધાવતાં પોલીસે આ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

અખિલ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની ૧૨૭ વર્ષ પૂર્ણ કરીને ૧૨૮ વર્ષમાં પ્રવેશ કરેલ છે. જેની ઊજવણી બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે બનાસકાંઠા જિલ્લા પ્રમુખના અધ્યક્ષ સ્થાને કરવામાં આવી હતી. જેમાં સ્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીની પ્રતિમાને પૂષ્પાંજલી અર્પણ કરીને કોંગ્રેસ ઝીંદાબાદના નારાઓ લગાવીને ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ઝાકીર ચૌહાણે તેમના પ્રાસંગિક પ્રવચનમાં જણાવેલ કે કોંગ્રેસ પક્ષની સ્થાપનાને ૧૨૭ વર્ષ પૂર્ણ થયા છે. દેશમાં કોમી એકતા અને ભાઈચારાનો સંદેશો લઈને પૂજ્ય મહાત્મા ગાંધીના વિચારોને ફળીફૂત કરવાના મક્કમ નિર્ધાર સાથે દેશને આઝાદી આપવામાં કોંગ્રેસનો સિંહ ફાળો હતો. આ પ્રસંગે કોંગ્રેસના વરીષ્ઠ નેતાઓને પણ યાદ કરવામાં આવ્યા હતા.

## અંબાજી પંથકમાં આદિવાસી યુવતી પર બળાત્કારથી ભારે ચકચાર



પાલનપુર, તા. ૨૮

આજકાલ બળાત્કાર અને સામૂહિક બળાત્કારની ધૃણાસ્પદ ઘટનાઓથી ચોતરફ હાહાકાર સર્જાયો છે ત્યારે સરહદી બનાસકાંઠાના દાંતા તાલુકાના સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી પંથકમાં બે દિવસ અગાઉ એક આદિવાસી યુવતી સાથે સ્થાનિક હવસખોરે બળાત્કાર ગુજારેલ. તેની પોલીસ ફરિયાદ અંબાજી પોલીસ મથકે નોંધાયેલ. ભોગ બનનાર યુવતીની તબીબી ચકાસણી અર્થે અંબાજી પોલીસે આજે પાલનપુર સિવિલ ખાતે યુવતીને લાવી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

આ ઘટના અંગે અંબાજી પોલસ સૂત્રોએ જણાવેલ કે, અંબાજીથી કુંભારીયા રોડ પર જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડ વિસ્તારમાં રહેતા ધૂળાભાઈ ગમારની ૧૪ વર્ષીય પુત્રીને બુધવારે રાત્રે રબારી વાસ નજીક રહેતો દિલીપ ભાર્માભાઈ પારધી નામનો યુવક લલચાવી અંધકારમાં લઈ જઈ મરજી વિરુદ્ધ બળાત્કાર ગુજારી નાસી છુટેલ હતો. તે અંગે પોલીસ ફરિયાદ નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# મહેસાણા જિલ્લાના નવરચિત તાલુકા બાબતે લોક લાગણીનું ધ્યાન રખાશે

મહેસાણા, તા. ૨૮

મહેસાણા જિલ્લાની મુલાકાતે મંત્રી નિતીનભાઈ પટેલ આયોજન હોલ મહેસાણા ખાતે હાજર રહ્યા હતા. જેમાં મંત્રી રજનીભાઈ પટેલ, ધારાસભ્ય ભરતસિંહ ડાભી, કલેકટર રાજુમાર બેનીવાલા, જિલ્લા પોલીસ અધિક્ષક, અધિક કલેકટર એમ.એન. ગઢવી સહિત ઉચ્ચ અધિકારીઓ તેમજ પદાધિકારીઓ હાજર રહ્યા હતા.

મહેસાણા જિલ્લાના આયોજન હોલ ખાતે શુભેચ્છા મુલાકાત દરમિયાન હાજર રહેલા મંત્રીશ્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે, આગામી ૨૬મી જાન્યુઆરીના રોજ મહેસાણા જિલ્લામાં બે નવા તાલુકા અસ્તિત્વમાં આવનારા છે. મહેસાણા જિલ્લાના ગોઝારીયા અને જોટાણા તાલુકા અસ્તિત્વમાં આવનાર છે ત્યારે તાલુકામાં સમાવિષ્ટ થનાર ગામોમાં વસતાં લોકોની મુશ્કેલીઓ, વિટંબણાઓ નિવારી તેમની મહદઅંશે લાગણીઓ જેતે તાલુકામાં સમાવેશ થવા બાબત ખાસ ધ્યાન રાખવામાં આવશે. તેમ નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું.

ગોઝારીયા અને જોટાણા તાલુકાના અસ્તિત્વ માટે વહીવટી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. તેમ જણાવ્યું હતું. વધુમાં તેઓએ મહેસાણા જિલ્લામાં વિકાસના કામો ઝડપી પૂર્ણ થાય તથા ફાળવેલ ગ્રાન્ટ પૂરેપૂરી વપરાઈ રહે તે મુજબની કાર્યવાહી કરવા જણાવ્યું હતું.

મંત્રીશ્રીએ ચુંટણી સાથે સંકળાયેલ તમામ અધિકારીઓ તેમજ કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા હતા. આ ઉપરાંત વાયબ્રન્ટ સમિટ ૨૦૧૩ જાન્યુઆરીમાં યોજાઈ રહ્યો છે ત્યારે જિલ્લામાં કેટલાક મહત્વના ક્ષેત્રે એ.ઓ.યુ થવાના છે. જેનાથી જિલ્લાનો આર્થિક વિકાસ વેગવંતો બનવાનો છે તથા મારૂતિ પ્રોજેકટ બેચરાજી ખાતે આકાર લઈ રહ્યો છે ત્યારે રોજગારીની વિપુલ તકો ઉભી થનાર છે. આ ઉપરાંત બેચરાજી મંદિરનું કામ ઝડપી પૂર્ણ કરવા પણ ખાસ તાકીદ કરી હતી.

## હાલ સંત ગોપાલદાસ આમરણ ઉપવાસ પર

અમદાવાદ, તા. ૨૮

અમદાવાદના સુભાષબ્રિજ ચોક ખાતે સંત ગોપાલદાસજી ગુજરાત રાજ્યમાં ગૌચરભૂમિ મુક્ત કરાવવા તથા ગૌહત્યા બંધ કરાવવા માટે ૨૫મી ડિસેમ્બરથી આમરણ ઉપવાસ પર બેઠા છે. જો કે તેમના આ આમરણ ઉપવાસમાં કુલ ચારથી પાંચ સભ્યો સામેલ છે. તેમનો હેતુ ખૂબ જ ઉમદા છે. પણ તેઓ જનમેદની સુધી પોતાનો અવાજ પહોંચાડી શકશે કે નહિ એ મોટો સવાલ છે. સુત્રોની જાણકારી અનુસાર સંત ગોપાલદાસજીએ આ પહેલા હરિયાણા સરકાર સામે ૪૨ દિવસ સુધી સતત ઉપવાસ કરી ગૌચરભૂમિ મુક્ત કરાવેલ છે. હવે જોવાનું એ છે કે તેઓ ગુજરાત સરકારને ઝુકાવી શકશે?

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE
બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ
ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર ફ્રી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૯૮

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એલેવાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને કવાર્ટઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્ષ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર
મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧